# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 19-09-2024 Morning : 7.45 to 7.55
Day : THursday National News

આકાશવાણી સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

****************************************************

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજે મધ્યપ્રદેશના પ્રવાસ દરમિયાન સફાઈમિત્ર સંમેલનમાં ઉપસ્થિત રહેશે અને ઉજ્જૈન મહાકાલના દર્શન કરશે
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણી સભાઓ સંબોધશે
- કેન્દ્રીય મંત્રીમંડળે એક દેશ એક ચૂંટણી અંગે રચાયેલી સમિતિની ભલામણોને મંજૂરી આપી
- કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામને N.P.S. વાત્સલ્ય યોજનાનો પ્રારંભ કરાવ્યો
- ચેન્નાઇમાં આજે ભારત અને બાંગલાદેશ વચ્ચે શ્રેણીની પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચ રમશે.
- ****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MP PRESIDENT TOUR

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજે મધ્યપ્રદેશના પ્રવાસ ઉજ્જૈન પહોંચશે. અહીં તેઓ સફાઈકર્મીઓ સાથે સંવાદ કરશે. તેમ જ ઉજ્જૈનમાં યોજાનારા સફાઈમિત્ર સંમેલનમાં ઉપસ્થિત રહેશે.

ભોપાલના અમારા સંવાદદાતા સંજીવ શર્મા જણાવે છે કે, રાષ્ટ્રપતિ મુર્મૂ વર્ચ્યૂઅલ માધ્યમથી ઉજ્જૈન—ઇન્દોર છ માર્ગીય યોજનાના ભૂમિપૂજનના કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. સુશ્રી મુર્મૂ અહીં સ્વચ્છતા મિત્રોને પ્રમાણપત્ર પણ એનાયત કરશે.

શ્રી મહાકાલેશ્વર મંદિરમાં દર્શન કર્યા બાદ રાષ્ટ્રપતિ સ્વચ્છતા હી સેવા પખવાડિયા અંતર્ગત મંદિર પરિષરમાં શ્રમદાન કરશે. તેઓ શ્રી મહાકાલ લોક અને મંદિરમાં કામ કરતા કર્મચારીઓ સાથે મુલાકાત કરશે. પ્રવાસના અંતે રાષ્ટ્રપતિ ઇન્દોરની દેવી અહિલ્યા વિશ્વ વિદ્યાલયના પદવીદાન સમારોહમાં પણ ઉપસ્થિત રહેશે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજે સાંજે ઝારખંડના 2 દિવસના પ્રવાસે રાંચી પહોંચશે. તેઓ આવતીકાલે રાંચીના નામકુમ ખાતે I.C.A.R. ના પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે. ઝારખંડના રાજ્યપાલ સંતોષ ગંગવાર, કેન્દ્રીય કૃષિમંત્રી અને રાજ્યના મુખ્યમંત્રી હેમંત સોરેન પણ ઉપસ્થત રહેશે.

# JK VISIT PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરમાં ચાલી રહેલી વિધાનસભા ચૂંટણીના પ્રચાર માટે આજે કાશ્મીરના પ્રવાસે જશે. તેઓ આજે સવારે શ્રીનગરમાં બપોરે શ્રી માતા વૈષ્ણોદેવી મંદિરના બેઝકેમ્પ કતરા ખાતે ચૂંટણી સભા સંબોધશે.

આ પહેલાં પ્રધાનમંત્રીએ ડોડામાં એક રેલીને સંબોધિત કરી હતી, જ્યાં તેમણે સરકારની સિદ્ધિઓ અને છેલ્લા ઘણા વર્ષ દરમિયાન જમ્મુ અને કાશ્મીરમાં વિકાસ લાવવાના તેના પ્રયાસોનો ઉલ્લેખ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના પહેલા તબક્કા માટે ગઈકાલે સરેરાશ 61.13 ટકામતદાન નોંધાયું હતું. આમાંથી સૌથી વધુ 80.14 ટકા મતદાન કિશ્તવાડ જિલ્લામાં થયું હોવાના અહેવાલ છે.

# CABINET-DECISIONS FOR NATIONAL-1

કેન્દ્ર સરકારે દેશભરમાં લોકસભા અને વિધાનસભાઓની ચૂંટણી એક સાથે યોજવાની શક્યતા ચકાસવા માટે રચવામાં આવેલી ઉચ્ચ સ્તરીય સમિતિની ભલામણોને મંજૂરી આપી છે. કેન્દ્રીય મંત્રીમંડળની બેઠક બાદ ગઈકાલે નવી દિલ્હીમાં પત્રકાર પરિષદમાં માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદનાં અધ્યક્ષપદે રચાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિએ રાજકીય પક્ષો અને નિષ્ણાતો સાથે આ અંગે સઘન ચર્ચા કરી હતી.

શ્રી વૈષ્ણવે જણાવ્યું કે, વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે સરકારે ચંદ્રયાન-ફોર મિશન અને વિનસ ઓર્બિટર મિશનને મંજૂરી આપી છે. ચંદ્ર પર સફળ લેન્ડિંગ બાદ પૃથ્વી પર પરત આવવાની ટેકનોલોજી વિક્સાવવા ચંદ્ર મિશનને મંજૂરી આપવામાં આવી છે. તેમણે જણાવ્યું કે, શુક્ર ગ્રહનાં વાતાવરણની વધુ માહિતી મેળવવા માટે વીનસ ઓર્બિટર મિશનને મંજૂરી આપવામાં આવી છે. આ મિશન માર્ચ, 2028માં શરૂ થવાની ધારણા છે અને તેના માટે એક હજાર 236 કરોડ રૂપિયાનું ભંડોળ મંજૂર કરવામાં આવ્યું છે, જેમાંથી 824 કરોડ રૂપિયા અવકાશ યાન પર ખર્ચવામાં આવશે.

સરકારે 2024-25ની રવી મોસમ માટે ફોસ્ફેટ અને પોટાશયુક્ત ખાતર પર પોષક તત્વો આધારિત સબસિડી દરોને પણ મંજૂરી આપી છે. આનાથી ખેડૂતોને ઓછા અને વાજબી ભાવે ખાતર મળશે.

શ્રી વૈષ્ણવે જણાવ્યું કે, સરકારે ખેડૂતોને તેમની ઉપજનાં લાભદાયી ભાવ પૂરાં પાડવા અને આવશ્યક ગ્રાહક ચીજોનાં ભાવમાં વધઘટ પર અંકુશ લાવવા પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ આભિયાન-PM-AASHAને ચાલુ રાખવાની પણ મંજૂરી આપી છે. આ યોજના પાછળ 35 હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે.

આ ઉપરાંત કેન્દ્રીય મંત્રીમંડળે 79 હજાર 156 કરોડ રૂપિયાનાં કુલ ખર્ચની પ્રધાનમંત્રી જનજાતિય ઉન્નત ગ્રામ અભિયાન યોજનાને પણ મંજૂરી આપી છે. આ યોજના હેઠળ આશરે 30 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આદિવાસીઓની બહુમતી ધરાવતા દેશનાં 63 હજાર ગામોને આવરી લેવામાં આવશે, જેનો લાભ આદિવાસી સમુદાયના પાંચ કરોડ લોકોને થશે.

શ્રી વૈષ્ણવે જણાવ્યું કે, મંત્રીમંડળે વિઝ્યુઅલ ઇફેક્ટ્સ, ગેમિંગ, કોમિક્સ અને એક્સ્ટેન્ડેડ રિયલ્ટી માટેનાં નેશનલ સેન્ટર ઓફ એક્સલન્સ સ્થાપવાને મંજૂરી આપી છે. આ ઉપરાંત બાયોટેકનોલોજી રિસર્ચ ઇનોવેશન એન્ડ આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ સ્કીમને પણ મંજૂરી આપવામાં આવી છે. યુનિફાઇડ સ્કીમ બાયો-રાઇડનાં અમલીકરણ પાછળ અંદાજે નવ હજાર 197 કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# CRICKET

ચેન્નાઇના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે રોહિત શર્માનાં કેપ્ટનશીપ હેઠળની ભારતીય ક્રિકેટ ટીમ આજે બાંગલાદેશ સામે શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચ રમશે. જાન્યુઆરીમાં ઇંગ્લેન્ડને 4-1થી હરાવ્યાનાં છ મહિના બાદ ભારત લાલ બોલ સાથે ફરી એક વાર મેદાનમાં ઉતરશે, જ્યારે પાકિસ્તાનને ટેસ્ટ શ્રેણીમાં 2-શૂન્યથી હરાવીને બાંગલાદેશ વધુ આત્મવિશ્વાસ સાથે મેદાનમાં ઉતરશે.

વિરાટ કોહલી, રિષભ પંત અને કે એલ રાહુલ લાંબા વિરામ બાદ ભારતીય ટેસ્ટ ટીમમાં પુનરાગમન કરી રહ્યા છે. મેચ સવારે સાડા નવ કલાકે શરૂ થશે.

# IMD--RAINFALL.RTF

હવામાન વિભાગે  આગામી ત્રણ દિવસ ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને મધ્ય પ્રદેશમાં ભારે વરસાદની આગાહી કરી છે.

આગામી 24 સપ્ટેમ્બર સુધી  આસામ, મેઘાલય અને  નાગાલેન્ડ સહિતના રાજ્યો અને છત્તીસગઢના કેટલાક  વિસ્તારોમાં  ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરાઇ છે.

દરમિયાન કોંકણ અને ગોવામાં હળવોથી મધ્યમ વરસાદ થવાની શક્યતા છે. દરમિયાન દિલ્હી અને આસપાસનાવિસ્તારોમાં ગઈ મોડી રાતથી હળવોથી મધ્યમ વરસાદ વરસી રહ્યો છે.

# CHESS OLYPIAD

હંગેરીમાં રમાઈ રહેલી 45મી ચેસ ઑલમ્પિયાડમાં ભારતીય ટીમે ગઈકાલે ઑપન સેક્શનના સાતમા તબક્કામાં ચીનને હરાવ્યું છે. ઑપન સેક્શનમાં ભારતીય ટીમે ચીનને એક દશાંશ 5 અંકના જવાબમાં 2 દશાંશ પાંચ અંકથી જીત હાંસલ કરી હતી.

ડોમ્મારાજૂ ગુકેશે ટોચના બૉર્ડ પર ચીનના વેઈ યીને હરાવતા ભારતને સાતમા તબક્કામાં જીતવામાં મદદ મળી. જ્યારે ભારત અને ચીનની અન્ય ત્રણ મેચ બરાબરીના સ્કૉર સાથે પૂર્ણ થઈ હતી. આ સાથે ભારતની ઑપન અને મહિલા ટીમ ચેસ ઑલમ્પિયાડના બીજા તબક્કામાં પહોંચી છે અને બંને ટીમ અત્યાર સુધી એક પણ મેચ હારી નથી.

. . . . . . . . . . . . . . .

(POOL – PRAVESH) -દુર્ગેશ

# WORLD FOOD INDIA

નવી દિલ્હીમાં આજથી ચાર દિવસનાં કાર્યક્રમ વર્લ્ડ ફુડ ઇન્ડિયા 2024નો પ્રારંભ થશે. અન્ન પ્રક્રિયા ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું છે કે, આ કાર્યક્રમમાં 90થી વધુ દેશો, 26 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ તથા 18 કેન્દ્રીય મંત્રાલયો ભાગ લેશે. આ કાર્યક્રમનું પાર્ટનર કન્ટ્રી જાપાન અને ફોકસ કન્ટ્રી વિયેતનામ તથા ઇરાન છે. આ કાર્યક્રમમાં અન્ન પ્રક્રિયા ક્ષેત્રમાં નવીનીકરણ અને ટેકનોલોજી પ્રદર્શિત કરવામાં આવશે. અન્ન પ્રક્રિયા ક્ષેત્રમાં વૈશ્વિક કેન્દ્ર તરીકે ભારતની ઊભરતી ભૂમિકા પર પ્રકાશ પાડવાનો આ મહત્વપૂર્ણ પ્રસંગ છે.

# CBSE REGISTRATION

2025ની બોર્ડની પરિક્ષામાં ધોરણ નવ અને 11નાં વિદ્યાર્થીઓ માટેની નોંધણી ગઈકાલથી શરૂ થઈ ગઈ છે. કેન્દ્રિય માધ્યમિક શિક્ષણ બોર્ડ- CBSEનાં જાહેરનામા પ્રમાણે નોંધણી પત્ર રજૂ કરવાની છેલ્લી તારીખ 16 ઓક્ટોબર છે. CBSE સંલગ્ન શાળાઓએ cbse.gov.in પર પોતાનાં વિદ્યાર્થીઓની નોંધણી કરાવવાની રહેશે.

બોર્ડે જણાવ્યું છે કે, શાળાઓ દ્વારા જે વિદ્યાર્થીઓની નોંધણી થઈ હશે તેમને જ વર્ષ 2025-26નાં શૈક્ષણિક સત્રમાં ધોરણ 10 અને 12ની બોર્ડ પરીક્ષામાં બેસવા દેવાશે. શાળાઓએ પોતાના વિદ્યાર્થીઓની વિગતો રજૂ કરતાં પહેલાં પોર્ટલ પર પોતાની નોંધણી કરાવવી પડશે.

## હવે આજના અખબારોના મુખ્યસમાચારો સાથે

## મારા સહયોગી સુનિતા ચૌહાણ

1. આજના મોટાભાગના અખબારોમાં એક રાષ્ટ્ર, એક ચૂંટણીના સમાચારોને મુખ્ય સમાચાર તરીકે સ્થાન મળ્યું છે.
2. દિવ્ય ભાસ્કરે લખ્યું છે - 5 વર્ષમાં એક દેશ – એક ચૂંટણી લાગુ કરવાની તૈયારી
3. સંદેશ લેખે છે – વન નેશનલ વન ઇલેક્શનને કેબિનેટની મંજૂરી
4. ઇન્ડિયન એક્સપ્રેસ લખે છે કે વન નેશન, વન ઇલેક્શની તૈયારી,બે તબક્કામાં અમલી બનશે,
5. તો ટાઇમ્સ ઑફ ઇન્ડિયા લખે છે કે કેબિનેટે વન નેશન વન ઇલેક્શનને મંજૂરી આપી, પંરતુ શું સરકાર આ કરી શકશે?
6. ગુજરાત સમાચારે ઇઝરાયેલનો લેબનોન પર ઇલેક્ટ્રોનિક હુમલોને મુખ્ય સમાચાર તરીકે સ્થાન આપ્યું છે. ઉપરાંત ચંદ્રયાન – 4 વિનસ ઓર્બિટર મિશન સહિત ત્રણ મહત્વના પ્રોજેક્ટને મંજૂરી આપ્યાના સમાચાર પણ પ્રથમ પાને જોવા મળે છે.
7. મલ્ટિનેશનલ કંપનીમાં કામ કરતી યુવતીનું નોકરીના ચાર જમાસમાં વર્કલોડને કારણે મોત થયાના સમાચારને ગુજરાત સમાચારના પ્રથમ પાને સ્થાન મળ્યું છે.
8. માતા-પિતા હવે પોતાના બાળકો માટે પેન્શન અકાઉન્ટ ખોલાવી શકશે એ સમાચાર સંદેશ અને દિવ્યભાસ્કર અખબારમાં પ્રથમ પાને જોઈ શકાય છે.
9. ઇન્ડિયન એક્સપ્રેસ લખે છે કે જમ્મૂ કાશ્મીરના મતદારોએ 370 કલમ નાબૂદીને સમર્થન આપ્યું, પ્રથમ તબક્કામાં 61 ટકા મતદાન .